પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૭૦ | ૩૦ ઓગસ્ટ, ૨૦૧૭, બુધવાર ; ભાદરવા સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### રાષ્ટ્રપતિ કોવિંદ ગુજરાતની મુલાકાતે

આગામી સપ્તાહમાં નવનિયુક્ત રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. એક દિવસની મુલાકાત દરમ્યાન તેઓ સૌની યોજના લીંક-૪નું ઉદ્‌ઘાટન કરશે.

### દેશમાં ૩૮.૩૮ લાખ જીએસટી રીટર્ન ભરાયા

જુલાઈ માસમાં નવા અમલી બનેલ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્ષમાં (જીએસટી) ૩૮.૩૮ લાખ નાગરિકોએ રીટર્ન ભર્યા છે. જેના દ્વારા ૯૨,૨૮૩ કરોડની સરકારને આવક થઈ છે.

### મધ્યપ્રદેશ સરકારે સ્વાઈન ફલુ બાબતે માર્ગદર્શિકા જાહેર કરી

મધ્યપ્રદેશ સરકારે સ્વાઈન ફલુ બાબતે માર્ગદર્શિકા જાહેર કરી છે. સ્વાઈન ફલુ ગ્રસ્ત રાજ્યો મહારાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાન અને છત્તીસગઢની મુલાકાતે ગયેલા નાગરિકો માટે આ વિશેષ માર્ગદર્શિકા જાહેર કરાઈ છે.

### તાલીલનાડુના એડવોકેટ જનરલનું રાજીનામુ

તામીલનાડુના એડવોકેટ જનરલ આર. મુથુકુમાર સ્વામીએ રાજીનામુ આપી દીધુ છે.

# મુંબઈમાં જળપ્રલય : હાઈએલર્ટ

**અતિ ભારે વરસાદથી ટ્રેન-અન્ય સેવાઓ ઠપ : બાંદરા, પરેલ, વરલી, શાંતાક્રુઝ, વડાલામાં ૧૦ ઇંચ વરસાદ : લોકોને ઘરમાં રહેવા સલાહ : લોકલ ટ્રેન સેવા બંધ**





મુંબઈ, તા. ૨૯ દેશના વાણિજ્ય પાટનગર ગણાતા મુંબઈમાં અતિ ભારે વરસાદના કારણે જનજીવન સંપૂર્ણપણે ઠપ થઈ ગયું છે. ટ્રેન, વિમાની સેવા અને વાહન વ્યવહાર ખોરવાઈ પડ્યો છે. સમગ્ર મુંબઈ જળબંબાકાર થઈ ગયું છે. મુંબઈના મોટાભાગના વિસ્તારોમાં ૧૦ ઈંચથી પણ વધુ વરસાદ ખાબકી ગયો છે. બાંદરા, પરેલ, વરલી, વડાલા, શાંતાક્રૂઝ જેવા વિસ્તારોમાં ૧૦ ઈંચથી પણ વધુ વરસાદ થયો છે. ભારે વરસાદ બાદ લોકોને ઘરમાં રહેવા માટે સૂચના આપવામાં આવી છે. હાઈએલર્ટની પણ જાહેરાત કરવામાં આવી છે. આગામી ૨૪ કલાક દરમિયાન સતત ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. સ્થિતિને ધ્યાનમાં લઈને નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ દ્વારા લોકોને ઓફિસથી તરત ઘરે પહોંચી જવા માટે કહેવામાં આવ્યું છે. મુંબઈના તમામ રસ્તાઓમાં પાણી ભરાઈ ગયા છે. ટ્રેન અને વિમાની સેવા પણ ઠપ થઈ ગઈ છે. ભારે વરસાદના પરિણામ સ્વરુપે

● અનુસંધાન પાન-૭ પર

# નાગપુર-મુંબઈ દુરન્તોના ૯ ડબ્બા ખડી પડ્યા



**આસન ગાંવ અને ટિટવાલા નજીક સવારે ટ્રેન દુર્ઘટના સર્જાઈ : અટવાયેલા યાત્રીઓને બસ મારફતે નિર્ધારિત સ્થળે પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવી**

મુંબઈ,તા. ૨૯ દેશમાં વધુ એક ટ્રેન દુર્ઘટના થઈ છે. મહારાષ્ટ્રમાં નાગપુર-મુંબઈ દુરંટો એક્સપ્રેસ ટ્રેનના ૯ ડબ્બા અને એન્જિન પાટા પરથી ખડી પડતા રેલવે તંત્રમાં ભારે ભાગદોડ મચી ગઈ હતી. આ દુર્ઘટના આસનગામ અને ટિટવાલા વચ્ચે સર્જાઈ હતી. આ દુર્ઘટનામાં કેટલાક લોકો ઘાયલ પણ થયા હતા ઘાયલ થયેલા પ્રવાસીઓને તરત જ પ્રાથમિક સારવાર માટે ખસેડી લેવામાં આવ્યા હતા. જો કે તંત્ર દ્વારા કોઈપણને ઈજા ન થઈ હોવાના દાવા કરવામાં આવ્યા છે. રેલવે બોર્ડના ચેરમેન અશ્વિની લોહાણીએ કહ્યું હતું કે, સેન્ટ્રલ રેલવેના ટોપ અધિકારીઓ ઘટનાસ્થળે તરત જ પહોંચ્યા હતા. સેન્ટ્રલ રેલવેના કહેવા મુજબ કોઈને ઈજા થઈ નથી. તમામ યાત્રીઓને સુરક્ષિતરીતે બહાર કાઢી લેવામાં આવ્યા છે. કોઈપણ નુકસાનને ટાળવા ઈલેક્ટ્રીક પુરવઠો બંધ કરવામાં આવ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યભરમાં અતિ ભારે વરસાદ

**વાપીમાં ૧૫ ઇંચ : ઉંમરગામમાં સાત ઇંચ, ભાવનગર-પારડીમાં છ ઇંચ વરસાદ : અમરેલીના સાંવરકુંડલાના મેકડા ગામમાં પાંચ ઇંચ વરસાદથી ગામ બેટમાં ફેરવાયું : પાલીતાણામાં ચાર ઇંચ વરસાદ**

અમદાવાદ, તા.૨૯ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં આજે પણ ભારે વરસાદનો દોર જારી રહ્યો હતો. ભારે વરસાદના કારણે અનેક વિસ્તારમાં પાણી ભરાયા હતા. આજે રાજ્યના જે ભાગોમાં ભારે વરસાદ થયો હતો તેમાં રાજકોટ, અમરેલીનો સમાવેશ થાય છે. અમરેલીના સાંવરકુંડલાના મેકડા ગામમાં પાંચ ઈંચથી વધુ વરસાદ થયો છે જેથી મેકડા ગામ બેટમાં ફેરવાઈ ગયું છે. ૨૪ કલાકમાં રાજ્યના અન્ય ભાગોમાં પણ નોધપાત્ર વરસાદ થયો છે. ૭૨ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ થયો છે જે પૈકી વાપીમાં ૧૫ ઈંચ, ઉંમરગામમાં ૭ ઈંચ, ભાવનગર અને પારડીમાં ૬-૬ ઈંચ વરસાદ થયો છે. બે તાલુકામાં પાંચ ઈંચથી વધુ વરસાદ થયો છે. પાલીતાણામાં ચાર ઈંચથી વધુવરસાદ થયો છે. ૯ તાલુકાઓમાં ત્રણ ઈંચથી વધુ વરસાદ, ૧૫ તાલુકાઓમાં બે ઈંચથી વધુ વરસાદ, ૪૩ તાલુકાઓમાં એક ઈંચથી વધુ વરસાદ થયો છે. રાજયમાં વરસી રહેલા વરસાદે છેલ્લા ચોવીસ કલાક દરમિયાન દક્ષિણ ગુજરાત અને

● અનુસંધાન પાન-૭ પર

દિવાળી-૨૦૧૭ વેકેશન ટુર
ફેમીલી ટુર-હનીમુન ટુર
હિમાચલ, કેરાલા, ભૂટાન, અંદામાન, ઉત્તરાખંડ
એમેઝિંગ ડેસ્ટિનેશન હોલિડેઝ
કુડાસણ, ગાંધીનગર
મો. : ૯૬૨૪૦ ૭૩૩૩૩
મો. : ૯૫૭૪૨ ૫૪૪૪૪

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

અમૂલ દૂધ પીતા હૈ ઈંડિયા
₹26*/500 mL
અમૂલ ગોલ્ડ




*MRP (incl. of all taxes). Transportation and cooling charges included. Conditions apply.
For any clarification please contact us on 079-23969055/56/57

MARUTI SUZUKI
NEXA




NEXA DEALER IS HIRING IN GANDHINAGAR

1. SR. RELATIONSHIP MANAGER - 04
JOB DESCRIPTION
• Managing Team of RMS
• Responsible for Sales Target & Achievement.
• Customer Satisfaction • Co-ordition with Principle.
• Exp. : Min. 5 yrs. (2 years compulsory from Automobiles)
• Age : 27 to 40 years • Salary : 20,000/- to 25,000/-

3. RELATIONSHIP MANAGER - 10
JOB DESCRIPTION
• Direct Sales to Customers • Customers Satisfaction
• Target Achievement • Long Term Customer Relationship
• Exp. : 2 - 4 years. (2 years compulsory from Automobiles)
• Age : 25 to 35 years • Salary : 12,000/- to 18,000/-

MANDATORY FOR ALL PROFILES : Graduate • Excellent command over English • Well-groomed • Valid Car Driving Licence Customer-centric approach • Networking Skills • Preferably from Automobiles, Hospitality, Aviation, Insurance, Banking & other service Industries. Remuneration will not be a constraint for the right candidate.

Walk-in with your updated Resume / CV & a copy of photograph on 30,31-AUG.,1,2 & 3rd SEPT., 2017 Between 11.00 AM to 5.00 PM
VENUE : NEXA INFOCITY (NANDA AUTOMOBILES PVT. LTD.)
Survey No. 187/A, Moje Kudasan, Gandhinagar. M : 9727726016, 9727762031, E : nanda.gdn.hr1@marutidealers.com

## પ્રથમ વાર્ષિક પુણ્યતીથિએ અશ્રુભિની શ્રદ્ધાંજલિ



### સ્વ. સજજનકુંવરબા રણવીરસિંહજી પુવાર

સ્વર્ગવાસ : તા. ૩૦/૦૮/૨૦૧૬

"મનને મનાવી પુરી કરીએ છીએ ખોટ તમારી... જોઈને તસવીર, રડી પડે છે આંખો અમારી...
પરીવારના તારણહાર તરીકેની છબી તમારી... આજે પણ કોઈ રીતે એ ખોટ ન પુરાણી...
સૌની સાથે મળી એક જ પ્રાર્થના અમારી... સ્નેહ અને આશીર્વાદ આપી પડખે રહેજો અમારી..."

"માઁ એ માઁ બીજા બધા વગડાના વા" કહેવત ખરા અર્થમાં યથાર્થ ઠેરવી આપે લીધેલ વિદાયથી દુઃખી અને આપના આશીર્વાદના અભિલાષી.....

**રણવીરસિંહજી વદનસિંહજી પુવાર**
(રીટાયર્ડ ડી.વાય.એસ.પી.)
ચેરમેન, તત્વ ફાઉન્ડેશન ટ્રસ્ટ
મુ.પો.-સરડોઈ, તા.મોડાસા

જયદત્તસિંહજી રણવીરસિંહજી પુવાર (કેમ્પસ ડાયરેકટર, તત્વ એન્જી.કોલેજ) ઉપપ્રમુખ, અરવલ્લી જીલ્લા કોંગ્રેસ
મનીષાકુંવરબા રણવીરસિંહજી પુવાર (પોલીસ ઈન્સપેકટર, ગાંધીનગર)
હર્ષિદાબા રાજેન્દ્રસિંહજી ચંપાવત (આચાર્ય, પોરડા પ્રા.શાળા, આણંદ)
ઉષાબા જયદત્તસિંહજી પુવાર
રાજેન્દ્રસિંહજી ખુમાનસિંહજી ચંપાવત (કોસ્મોસ બેન્ક, અમદાવાદ)
કિન્નરીકુંવરબા જયદત્તસિંહજી પુવાર બી.ઈ.(એન્વાયરમેન્ટ એન્જી.) એલ.ડી. કોલેજ, અમદાવાદ
પૂષ્પરાજસિંહજી આર. ચંપાવત (ડીપ્લોમા, મિકેનીકલ)
કાવ્યાકુંવરબા જયદત્તસિંહજી પુવાર
સલોનીકુંવરબા આર. ચંપાવત

અને
સમગ્ર સ્વ. વદનસિંહજી સરતાનસિંહજી પરિવાર

મુ.પો. સરડોઈ, તા.મોડાસા, જી.અરવલ્લી, મો. ૯૦૯૯૦ ૬૩૪૮૭